# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૮ તા.૧૭-૦૧-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓના આયોજન બાબત.

સંદર્ભ :- નં.એસએસએ/કયુઈસેલ/૨૦૨૦-૨૨૬૯-૨૩૭૭ તા.૧૦-૦૧-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી પ્રસંગે ૩૧-ઓકટોબર-૨૦૧૫ના રોજ (એકતા દિવસ) ભારતના વડાપ્રધાન દ્વારા 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની યોજનાની ઘોષણા કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ માટે ગુજરાત રાજયનું ટવીનીંગ છત્તીસગઢ રાજય સાથે કરવામાં આવેલ છે. એટલે ગુજરાત રાજયની શાળાઓમાં છતીસગઢ રાજયનો ઈતિહાસ, ભૂગોળ, સંસ્કૃતિ વગેરે બાબતોથી વિદ્યાર્થીઓ પરિચીત થાય તે હેતુ સાથે અલગ અલગ પ્રવૃત્તિઓ કરાવવાની રહેશે.

'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ અંતર્ગત સોમવારથી શુક્રવાર સુધી પ્રાર્થના સભામાં જે પ્રવૃત્તિઓ કરાવવાની છે તે પ્રવૃત્તિઓની દિવસવાર યાદી બિડાણ પત્રમાં આપેલ છે. તે મુજબ પ્રવૃત્તિઓ કરાવવી તેમજ શનિવારના દિવસે કરાવવાની પ્રવૃત્તિઓ પણ આપેલ છે. (બિડાણ મુજબ પ્રવૃત્તિઓ કરાવવી.)

- પ્રાર્થના સભામાં સહભાગી રાજયની ભાષાના શબ્દો, વાકયો બોલાવવામાં આવે.
- વિદ્યાર્થી મહત્વપૂર્ણ વાસ્તવિકતાઓ અને સહભાગી રાજય વિશેની અન્ય મહત્વપૂર્ણ અને રસપ્રદ માહિતી સાથે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' નોટબુક બનાવે, વિદ્યાર્થીઓ આ નોટબુકમાં તેમને કરેલ પ્રવૃત્તિઓ અને તેમની ભાગીદારીની નોંધ રાખે.
- શાળા વિદ્યાર્થીઓની ત્રણ ઉત્કૃષ્ઠ નોટબુક સી.આર.સી.ને પહોંચાડે, સી.આર.સી.કલસ્ટરના ત્રણ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓની નોટબુક યુ.આર.સી.ને પહોંચાડે, યુ.આર.સી. ત્રણ ઉત્કૃષ્ઠ નોટબુક જિલ્લા સ્તરે મોકલી આપેશે.
- યુ.આર.સી.કક્ષાએ આ સાથે સામેલ બિડાણ પત્રમાં દર્શાવેલ લીંક ઉપર ફોટોગ્રાફ અને વિડીયો અપલોડ કરવાના રહેશે.
- 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પ્રવૃત્તિઓ માટે શાળામાં એક નોડલ શિક્ષક નિમવાનો રહેશે. જેનું નામ સી.આર.સી.કક્ષાએ મોકલી આપવાનું રહેશે.
- શાળામાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કલબની રચના કરવાની રહેશે. જે માટેનું માળખું નીચે મુજબનું રહેશે.

  ૧.અધ્યક્ષ ૨. ઉપાધ્યક્ષ ૩. શાળાના શિક્ષક ૪. વિદ્યાર્થી
- શાળાએ બિડાણ પત્રકમાં આપેલ નમુનામાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત' નો માસિક અહેવાલ સી.આર.સી.કક્ષાએ પાંચ તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે.

બિડાણ :- ૧. સંદર્ભિત પત્ર

૨. શાળા કક્ષાએથી મોકલવાના અહેવાલનો નમુનો

તા.૧૭-૦૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી

નં.એસએસએ/ક્યુઇસેલ/૨૦૨૦ ૨૨૫૯ - ૨૩૭૦
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ,
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર
તા. ૧૦.૦૧.૨૦૨૦

પ્રતિ

| | |
|---|---|
| પ્રાચાર્યશ્રી<br>જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન<br>જિ. તમામ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી<br>જિ.તમામ |
| જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,<br>જિ. તમામ | એડી. જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને<br>શાસનાધિકારશ્રી<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ<br>અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત |

**વિષયઃ- "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓના આયોજન બાબત.**

**સંદર્ભઃ (૧) માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારનો તા.૧૫.૧૧.૨૦૧૯ નો પત્ર ક્રમાંક F.N- 1-7/2019-IS.5**

**(૨) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ PRC/112017/625/G-2 તારીખ ૨.૧૨.૨૦૧૯**

**(૩) નોંધ ઉપર માન.શિક્ષણ સચિવ સાહેબની તા.૭.૧.૨૦૨૦ ની મળેલ મંજુરી અન્વયે.**

ભારતના લોખંડી પુરુષ- સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પ્રસંગે 31 ઓકટોબર 2015 ના રોજ (એકતા દિવસ) ભારતના વડા પ્રધાન દ્વારા 'એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના' ની ઘોષણા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની જોડી બનાવી, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સંસ્કૃતિ, પરંપરાઓ અને પ્રણાલીના આદાન-પ્રદાન દ્વારા રાજ્યો વચ્ચેની સમજૂતી અને સંબંધ વધારવા માટેનું આયોજન થયેલ છે , જેથી ભારતની વિવિધતામાં એકતાની ભાવનાને મજબૂત બનાવી શકાય.

'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ માટે ગુજરાત રાજયનું ટવીનીંગ છત્તીસગઢ રાજય સાથે કરવામાં આવેલ છે. એટલે ગુજરાત રાજયની શાળાઓમાં છત્તીસગઢ રાજયનો ઇતિહાસ, ભૂગોળ, સંસ્કૃતિ, પર્યાવરણ, ભાષા, પહેરવેશ, સાંસ્કૃતિક વારસો વગેરે બાબતોથી રાજયના વિધાર્થીઓ પરિચિત થાય તે હેતુ સાથે અલગ-અલગ પ્રવૃત્તિઓ કરવાની થશે. આ સંદર્ભે માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના પત્ર ક્રમાંક F.N-1-7/2019-IS.5 તા.૧૫.૧૧.૨૦૧૯ અન્વયે ' એક ભારત શ્રેષ્ઠ ભારત'(EBSB) અંતર્ગત વર્ષ દરમ્યાન કરવાની વિવિધ પ્રવૃત્તિઓ સૂચવવામાં આવેલ છે.

'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત નીચે જણાવ્યા મુજબના ઉદ્દેશોને ધ્યાને રાખી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે.

<u>ઉદ્દેશો:</u>

- ❖ દેશની વિવિધતામાં એકતાને સિદ્ધ કરવા અને દેશના લોકો વચ્ચે પરંપરાગત રીતે પ્રવર્તિત ભાવનાત્મક બંધનોના જોડાણને જાળવવા અને તેને મજબૂત બનાવવા;
- ❖ તમામ ભારતીય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સમગ્ર વર્ષ દરમિયાન ઉંડાણપૂર્વક અને ચોક્કસ માળખા સાથેના જોડાણ દ્વારા રાષ્ટ્રીય એકતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે;
- ❖ ભારતની વિવિધતાને સમજવા અને કદર કરવા માટે સક્ષમ બનાવવા માટે અને તેનો સમૃદ્ધ વારસો અને સંસ્કૃતિ, રિવાજો અને બંને રાજ્યની પરંપરાઓથી અવગત કરાવવા, અને આ રીતે સામાન્ય ઓળખની ભાવનાને પ્રોત્સાહન આપવું;
- ❖ લાંબા ગાળાના સબંધો સ્થાપિત કરવા અને,
- ❖ શ્રેષ્ઠ સેવાઓ અને અનુભવોનું આદાન પ્રદાન કરી રાજ્યો વચ્ચે પરસ્પર એકબીજાને જાણવાના માહોલને પ્રોત્સાહન આપતું વાતાવરણ બનાવવું.

આ માટે નીચે સૂચવ્યા મુજબની સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે. (આ પ્રવૃત્તિઓ નમૂના સ્વરૂપે છે. શાળા પોતાની રીતે શૈક્ષણિક કાર્યને બાધ ન આવે તે રીતે પ્લાનિંગ કરી શકાશે)

| **પ્રાર્થના સભામાં કરવાની પ્રવૃત્તિ** | **પ્રવૃત્તિનો દિવસ** |
|---|---|
| સહભાગી રાજ્યની ભાષામાં સમાન કહેવતોની ઓળખ / ભાષાંતર અને પ્રસાર | સોમવાર |
| સહભાગી રાજ્યની ભાષામાં સ્વચ્છતા /એક જ વાર ઉપયોગમાં આવતું પ્લાસ્ટિક / પાણી બચાવો/ રાષ્ટ્રીય એકતા પર પ્રતિજ્ઞા | મંગળવાર |
| ચર્ચા કરવાનો સમય/સહભાગી રાજ્યના સમાચાર | બુધવાર |
| સહભાગી રાજ્યના ઇતિહાસ, ભૂગોળ, સંસ્કૃતિ, પર્યાવરણ, ભાષા, પહેરવેશ, સાંસ્કૃતિક વારસો વગેરે બાબતો સબંધિત ક્વીઝ/ પ્રશ્નોત્તરી | ગુરુવાર |
| સ્વાતંત્ર્ય સેનાનીઓ, સમાજ સુધારકો, લેખકો, કવિઓ અને સહભાગી રાજ્યની અન્ય પ્રખ્યાત હસ્તીઓ વિશે કવિતા / વકતવ્ય | શુક્રવાર |

**<u>Joyful Saturday</u>**

| પ્રવૃત્તિઓ | દિવસ |
|---|---|
| સહભાગી રાજ્યની ભાષામાં તે રાજ્યને લગતા વિષયો પર આધારિત નિબંધ સ્પર્ધા, ચર્ચા, વકતૃત્વ સ્પર્ધા | મહિનાનો પ્રથમ શનિવાર |
| ભાગીદાર રાજ્ય પર વોલ મેગેઝિન / પ્રોજેક્ટ કાર્યની જૂથ પ્રવૃત્તિ | મહિનાનો બીજો શનિવાર |
| સાંસ્કૃતિક સ્પર્ધા - સહભાગી રાજ્ય પર લોકગીત, લોકનૃત્ય, કલા, ચિત્રકામ વગેરે | મહિનાનો ત્રીજો શનિવાર |
| રમતો- ભાગીદાર રાજ્યની લોકપ્રિય ઇન્ડોર અને આઉટડોર રમત | મહિનાનો ચોથો શનિવાર |

ઉપરોક્ત પ્રવૃત્તિઓ ઉપરાંત નીચેની પ્રવૃત્તિઓ કરવાની રહેશે.

(૧) પ્રાર્થના સભામાં સહભાગી રાજયની ભાષા (છત્તીસગઢની ભાષા છત્તીસગઢી હિન્દી (દેવનાગરી લિપીને મળતી આવે છે) ના શબ્દો, વાકયો બોલવામાં આવે.

(૨) માસમાં એક વખત સહભાગી રાજયની ભાષામાં બાળકો વાત-ચીત કરે.

(૩) સહભાગી રાજયના સ્થાપના દિવસ (૧લી નવેમ્બર)ની ઉજવણી કરવામાં આવે.

(૪) જીસીઇઆરટી/તાલીમ ભવન ધ્વારા સહભાગી રાજયની ભાષામાં સાહિત્ય તૈયાર કરી શાળાઓને આપવામાં આવે.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન નીચેની બાબતો ધ્યાનમાં રાખવી

- વિદ્યાર્થી મહત્વપૂર્ણ વાસ્તવિકતાઓ અને સહભાગી રાજ્ય વિશેની અન્ય મહત્વપૂર્ણ અને રસપ્રદ માહિતી સાથે "એક ભારત શ્રેષ્ઠ ભારત" નોટબુક બનાવે. વિદ્યાર્થીઓ આ નોટબુકમાં EBSB હેઠળની પ્રવૃત્તિઓમાં તેમની ભાગીદારીની નોંધ રાખે.
- વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી નોટબુકના આધારે તેમનું મૂલ્યાંકન કરવામાં આવે. રાજ્યના ટોચના ત્રણ ઉત્કૃષ્ટ પ્રદર્ષકોને પ્રમાણપત્ર અને ટ્રોફી સાથે **"એક ભારત શ્રેષ્ઠ ભારતના ચેમ્પિયન"**નો ખિતાબ આપવામાં આવે. બીજા સારા પ્રદર્શકોને બેજ/ બેન્ડ્સ / આર્મ બેન્ડ્સથી સન્માનિત કરવામાં આવે.
- શાળા વિદ્યાર્થીઓની ત્રણ ઉત્કૃષ્ટ નોટબુક સી.આર.સી.ને પહોચાડે. સી.આર.સી. ક્લસ્ટરના ત્રણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓની નોટબુક બી.આર.સી.ને પહોંચાડે. બી.આર.સી. ટોચના ત્રણ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓની નોટબુક જિલ્લાકક્ષા સુધી પહોંચાડે. પછી પ્રત્યેક જિલ્લો રાજ્યના ટોચના ત્રણ પર્ફોર્મર્સને પસંદ કરવા માટે જિલ્લામાંથી ટોચના ત્રણ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓની નોટબુક રાજ્ય સુધી પહોંચાડે.
- શાળાઓ EBSB હેઠળ યોજાયેલ પ્રવૃત્તિઓ / કાર્યક્રમોની માહિતી સાથે ચાર્ટ પેપર પર રિપોર્ટ તૈયાર કરશે અને નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરશે.
- જિલ્લાએ ગૂગલ ડ્રાઇવ પર નીચે આપેલ માહિતી સાથે ફોટોગ્રાફ્સ અને વીડિયો અપલોડ કરવાના રહેશે અને mail I'd - ebsbguj@gmail.com પર રાજ્ય કચેરીને લિંક આપવાની રહેશે.
  પ્રવૃત્તિ_શાળા_જિલ્લો_રાજ્ય_ મહિનો_સ્થળ_ સહભાગી રાજ્ય_પ્રવૃત્તિ વિશે સંક્ષિપ્તમાં.
- EBSB પ્રવૃત્તિઓ માટે જિલ્લાકક્ષાએ એક નોડલ અધિકારી અને શાળામાં એક નોડલ શિક્ષક નીમવાના રહેશે.
- શાળામાં ebsb ક્લબની રચના કરવાની થશે, જે માટેનું માળખું નીચે મુજબ રહેશે.
  ૧. અધ્યક્ષ ૨. ઉપાધ્યક્ષ ૩. શાળાના શિક્ષક ૪.વિદ્યાર્થી
- સમગ્ર શિક્ષા, જિલ્લા કચેરીએ EBSB હેઠળ જિલ્લામાં હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓની અસરકારક માધ્યમો સુધી પહોંડવા માટે જિલ્લા માહિતી અને જનસંપર્ક કચેરી સાથે સંકલન કરી કામ કરવાનું થશે. EBSBની મહત્વની પ્રવૃત્તિઓને પ્રદર્શિત કરવા માટે #એકભારતશ્રેષ્ઠભારત#,

#EBSB#, #एक भारत श्रेष्ठ भारत# સોશીયલ મીડીયા તેમજ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા સહિતની નવીન રીતોનો ઉપયોગ કરી શકાશે.

- શાળાએ અહીં આપેલ નમૂનામાં EBSB માસિક અહેવાલ જિલ્લાને મોકલવાનો રહેશે.
- જિલ્લા દ્વારા સંકલન કરાયેલો અહેવાલ અહીં આપેલ નમૂનામાં રાજ્યને મોકલવામાં આવશે. (શાળાઓ આ અહેવાલ દર માસની ૫ મી તારીખ સુધીમાં સીઆરસી કો-ઓર્ડિનેટરને આપવાનો રહેશે. સીઆરસી કો-ઓર્ડિનેટરે બ્લોક એમઆઈએસ કો-ઓર્ડિનેટરને આપવાનો રહેશે. બ્લોક એમઆઈએસ જિલ્લા એમઆઈએસ કો-ઓર્ડિનેટરને આપવાનો રહેશે. જિલ્લા પી. એન્ડ એમ. કો-ઓર્ડિનેટર ધ્વારા આ અહેવાલ ક્યુ ઈ સેલ શાખા, ગાંધીનગરને qecell@gmail.com ઈમેલ પર મોકલી આપવાનો રહેશે)

"એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અંતર્ગત ઉપરોકત બાબતોને ધ્યાને લઈ આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા વિનંતી.

**નોંધ ઉપર માન.એસપીડીશ્રીની**
**મંજુરી અન્વયે**

**સચિવ**
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**બિડાણઃ અહેવાલનો નમૂનો**

**નકલ સવિનય રવાના જાણ સારૂઃ**

- માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા, સેકટર-૧૭, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯/૧, જુના સચિવાલય, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. ૧૨/૧, જુના સચિવાલય, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર-૧૨, ગાંધીનગર

# "એક ભારત શ્રેષ્ઠ ભારત" શાળાકક્ષા અહેવાલ નમૂનો

શાળાનું નામઃ

કલસ્ટરનું નામઃ

માસનું નામઃ

| ક્રમ | પ્રવૃત્તિની વિગત | કેટલા બાળકોએ ભાગ લીધો | | કેટલા શિક્ષકોએ ભાગ લીધો | સીઆરસી કો-ઓર્ડિનેટરને આપેલ સોફ્ટ કોપી | |
|---|---|---|---|---|---|---|
| | | વિધાર્થી | વિધાર્થીની | | ફોટોગ્રાફ સંખ્યા | વિડિયોની સંખ્યા |
| | | | | | | |

આચાર્ય ની સહી

## "એક ભારત શ્રેષ્ઠ ભારત" જિલ્લાકક્ષા અહેવાલ નમૂનો

### (જિલ્લા કક્ષાએથી રાજયકક્ષાએ મોકલવાનો અહેવાલ નમૂનો)

જિલ્લાનું નામઃ

માસનું નામઃ

| ક્રમ | પ્રવૃત્તિની વિગત | કેટલી શાળાએ ભાગ લીધો | કેટલા બાળકોએ ભાગ લીધો | | કેટલા શિક્ષકોએ ભાગ લીધો | સોફ્ટ કોપી મોકલેલ સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|
| | | | વિધાર્થી | વિધાર્થીની | | ફોટોગ્રાફ સંખ્યા | વિડિયોની સંખ્યા |
| | | | | | | | |

જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરની સહી